# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાનપ્રવાહ, સામાન્યપ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદીપ્રવાહ,વ્યવસાયલક્ષીપ્રવાહ,સંસ્કૃત મધ્યમાની પૂરક(જુલાઇ) -૨૦૧૭ ની પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઉપર મૂકવામાં આવેલ છે. જેની આચાર્યશ્રીઓ/વાલીઓએ/વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

સ્થળ :- ૦૫/૦૬/૨૦૧૭
તારીખ :- ગાંધીનગર.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમની પૂરક પરીક્ષા જુલાઈ-૨૦૧૭ નો કાર્યક્રમ.

### 1. વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષા :

| તારીખ/વાર | સમય | વિષય | |
|---|---|---|---|
| 08/07/2017 શનિવાર | 10:30 થી 2:00 | ગણિત | (050) |
| | 3:00 થી 6:30 | જીવવિજ્ઞાન | (056) |
| 10/07/2017 સોમવાર | 10:30 થી 2:00 | રસાયણ વિજ્ઞાન | (052) |
| | 3:00 થી 6:30 | અંગ્રેજી (પ્રથમ ભાષા) | (006) |
| | | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | (013) |
| 11/07/2017 મંગળવાર | 10:30 થી 2:00 | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | ગુજરાતી (દ્વીતીય ભાષા) (008)<br>હિન્દી (દ્વીતીય ભાષા) (009)<br>સંસ્કૃત (129)<br>ફારસી (130)<br>અરબી (131)<br>તામિલ (132) |
| | 10:30 થી 12:45 | કમ્પ્યુટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક) | (331) |
| | 3:00 થી 6:30 | ભૌતિકવિજ્ઞાન | (054) |

### 2. સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ. પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ પૂરક પરીક્ષા :

| | | | |
|---|---|---|---|
| 09/07/2017 રવિવાર | 3:00 થી 6:15 | -સામાન્ય પ્રવાહ<br>-ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ<br>-વ્યવસાયલક્ષી પ્રવાહ<br>-સંસ્કૃત મધ્યમાના | તમામ વિષયો |
| | 3:00 થી 5:15 | કમ્પ્યુટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક) | (331) |

## વિજ્ઞાન પ્રવાહના પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ :

1. તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવાશે.
2. કમ્પ્યુટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક) ની પરીક્ષા ફક્ત OMR ઉત્તરપત્રિકાથી લેવામાં આવશે. જેનો સમય 10:30 થી 12:45 નો રહેશે.
3. પ્રથમ ભાગમાં પ્રશ્નપત્રનો PART-A કે જેમાં બહુવિકલ્પ પ્રકારનાં (OMR પદ્ધતિ) ૫૦ પ્રશ્નો હશે અને તેમાં કુલ ગુણ ૫૦ તથા તેનો સમયગાળો ૬૦ મિનિટનો રહેશે.
4. બીજા ભાગમાં પ્રશ્નપત્રનો PART-B રહેશે. જેમાં વર્ણનાત્મક પ્રકારનાં પ્રશ્નો રહેશે. તેમાં કુલ ગુણ ૫૦ તથા તેનો સમયગાળો ૧૨૦ મિનિટનો રહેશે.

### પરીક્ષા સંચાલન સમય નીચે મુજબ રહેશે :

| પ્રવૃતિ | સવારનું સેશન | બપોરનું સેશન |
|---|---|---|
| OMR પરની વિગતો ભરવા PART-A તથા PART-B ના વાંચન માટે તેમજ PART-A ના બારકોડનું વિતરણ | 10:30 થી 10:45 | 3:00 થી 3:15 |
| OMR માં PART-A ના ઉત્તરો લખવા માટે | 10:45 થી 11:45 | 3:15 થી 4:15 |
| OMR એકત્રિત કરવા તથા PART-B માટે ઉત્તરવહી તેમજ બારકોડ સ્ટીકરનું વિતરણ | 11:45 થી 12:00 | 4:15 થી 4:30 |
| PART-B ના ઉત્તરો ઉત્તરવહીમાં લખવા માટે | 12:00 થી 2:00 | 4:30 થી 6:30 |
| પરીક્ષા પૂર્ણ | 2:00 | 6:30 |

5. OMR ઉત્તરપત્રિકામાં યોગ્ય ખરા વર્તુળને પૂર્ણ કરવા ફક્ત કાળી/ભૂરી બોલપેનનો ઉપયોગ કરવાનો રહેશે.
6. વિજ્ઞાન પ્રવાહ રસાયણવિજ્ઞાન (૦૫૩), ભૌતિકવિજ્ઞાન (૦૫૫) અને જીવવિજ્ઞાન (૦૫૭) વિષયોની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળાઓ દ્વારા લેવાની રહેશે. જેનાં ગુણ શાળાએ બોર્ડને તા.૧૦/૦૭/૨૦૧૭ સુધીમાં મોકલવાનાં રહેશે.
7. કમ્પ્યુટર એજ્યુકેશન (૩૩૨) વિષયની પ્રાયોગિક પરીક્ષા પણ સંબંધિત શાળાઓ દ્વારા લેવાની રહેશે. જેનાં ગુણ શાળાએ બોર્ડને તા.૧૦/૦૭/૨૦૧૭ સુધીમાં મોકલવાનાં રહેશે.
8. પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાનાં છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલાં વિષયોનાં કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર, સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.
9. પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું. બાકીના દિવસોએ પરીક્ષા શરૂ થવાના ૨૦ મિનિટ અગાઉ હાજર રહેવું.
10. પ્રશ્નપત્રને લગતું કોઈપણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન જેવાં ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવાની મનાઈ છે, પરંતુ સાદું કેલક્યુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈપણ સાહિત્ય મળશે, તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધી શકાશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા

ખંડમાં પ્રવેશિકા સિવાય કોઈપણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે પૂરતાં છે. તેની ખાસ નોંધ લેવી.

11. પૂરક પરીક્ષાનું પ્રશ્નપત્ર ત્રીજા અને ચોથા સેમેસ્ટરનાં અભ્યાસક્રમ/પાઠ્ય પુસ્તકને આધારે તૈયાર કરવામાં આવશે. જેમાં પ્રશ્નપત્રના ૫૦ ગુણના બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ OMR SHEET પર નોંધવાનાં રહેશે. જ્યારે ૫૦ ગુણનાં પ્રશ્નો વર્ણનાત્મક પ્રકારનાં રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બોર્ડની વેબસાઈટ : www.gseb.org
બોર્ડનું ઈ-મેઈલ એડ્રેસ : gseb_gnr@yahoo.co.in
બોર્ડના હેલ્પલાઈન નંબર : Toll Free – 1800 233 5500

(આર.એચ.જુણકીયા)
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

## સામાન્ય પ્રવાહના પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ :

1. કમ્પ્યુટર એજ્યુકેશન (૩૩૨) વિષયની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળાઓ દ્વારા લેવાની રહેશે, જેનાં ગુણ શાળાએ બોર્ડને તા.૧૦/૦૭/૨૦૧૭ સુધીમાં મોકલવાનાં રહેશે.
2. પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાનાં છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલાં વિષયોનાં કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર, સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.
3. પરીક્ષાના દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું.
4. પ્રશ્નપત્રને લગતું કોઈપણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન જેવાં ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવાની મનાઈ છે, પરંતુ સાદું કેલક્યુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈપણ સાહિત્ય મળશે, તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધી શકાશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષા ખંડમાં પ્રવેશિકા સિવાય કોઈપણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલું સાહિત્ય ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે પૂરતાં છે. તેની ખાસ નોંધ લેવી.
5. OMR ઉત્તરપત્રિકામાં યોગ્ય ખરા વર્તુળને પૂર્ણ કરવા ફક્ત કાળી/ભૂરી બોલપેનનો ઉપયોગ કરવાનો રહેશે.
6. સામાન્ય પ્રવાહના સંગીત પ્રાયોગિક (૧૪૭) વિષયની પ્રાયોગિક પરીક્ષા શાળાઓ દ્વારા લેવાની રહેશે અને તેના ગુણ બોર્ડની સૂચના અનુસાર તા.૧૦/૦૭/૨૦૧૭ સુધીમાં બોર્ડને મોકલી આપવાનાં રહેશે.
7. વ્યવસાયલક્ષી પ્રવાહના કૃષિ, કોમર્સ, ગૃહવિજ્ઞાન અને તાંત્રિક જૂથના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પ્રાયોગિક તથા ઉત્તર બુનિયાદી પ્રવાહના પ્રાયોગિક પરીક્ષાના વિષયોની પરીક્ષા સંબંધિત શાળાઓ દ્વારા લેવામાં આવશે. આવી શાળાઓ પોતાની શાળાના પરીક્ષાર્થીઓને પૂરતા સમય અગાઉ કાર્યક્રમની જાણ કરવાની રહેશે.
8. સિંધી ભાષાના પ્રશ્નપત્ર (૦૦૫) વિષય કોડના પ્રશ્નપત્રના ઉત્તરો સિંધી દેવનાગરી અથવા સિંધી અરેબિક લીપીમાં લખી શકાશે.
9. તમામ પ્રવાહોના કમ્પ્યુટર પરિચય વિષયની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળા દ્વારા લેવામાં આવશે. શાળાઓએ તેની જાણ વિદ્યાર્થીને કરવાની રહેશે.

(આર.એચ.જુણકીયા)
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર